# નવીન અને પ્રાચીન

# શિક્ષાપ્રણાલીની તુલના.

[ મહાત્મા ગાંધીની હૃદયપ્રવૃત્તિને તાર્કિક, માર્મિક, ધાર્મિક ટૉકો, વકીલાત, ડૉક્ટરી, નોકરીની સુંદર સમાલોચના, પ્રાચીન શિક્ષાના પરાક્રમી નમૂના, પાશ્ચાત્ય સંસ્કૃતિનો મચોટ ગળો ]


લેખક

ગુરુકુલ સંસ્થાના આધુનિક અદ્વિતીય સંસ્થાપક પ્રચંડ તાર્કિક દર્શન, ઉપનિષદના ભાષ્યકાર અનેક ગ્રન્થોના કર્તા, શાસ્ત્રાર્થવિજયી મહાન ત્યાગી

**વૈદિકતત્વજ્ઞ સ્વ૦ સ્વા૦ દર્શનાનંદ સરસ્વતી**



પ્રકાશક,

**ભગવદ્દત્ત બ્રહ્મમંડળી, બદાયૂં સિટી, (યૂ પી)**

પહેલીવાર } રામનવમી ૧૯૭૮ રાષ્ટ્રીય સપ્તાહ ૧૯૨૨ { કી૦ ૦-૧-૬

ઓ૩મ્

# નવીન અને પ્રાચીન શિક્ષાપ્રણાલીના તુલના.*

## [ પ્રથમ ભાગ. ]

**व्रतेन दीक्षामाप्नोति दीक्षयाऽऽप्नोति दक्षिणाम्**
**दक्षिणा श्रद्धा माप्नोति श्रद्धया सत्य माप्यते ॥ श्रुतिः**

પરમાત્મા આ વેદમંત્રમાં જીવોને ઉપદેશ કરે છે કે "જ્યારે માણુસ સત્ય ઓળખવાને પોતાના ચિત્તમા એમ દૃઢ વ્રત ધારણ કરે છે કે 'મને સંસારમા ગમે તેટલા દુ:ખ વેઠવા પડે, ભલે મારા શરીરની ગમે તે દશા થાય, હું સત્ય મેળવ્યા વગર નહિ જ રહુ' ત્યારે તેજ ક્ષણે તે સત્યોપદેશ સાભળવાને અધિકારી બને છે"

---

*આ પુસ્તિકા શ્રી સ્વામી દર્શનાનદજીએ લગભગ સને ૧૯૦૬ માં લખી હતી અને એનો અમૂલ્ય લાભ પોતાની અમૃત સ્રાવિની વાણી વડે પણુ ઘણા સ્થળોએ જનસમૂહની જરૂરીયાત સમજી આપ્યો હતો. તેમણે સ્થાપેલી સંસ્થાઓ—ગુરુકુલ સિકંદરાબાદ, ગુરુકુલ 'બદાયૂં, મહાવિદ્યાલય જ્વાલાપુર વગેરે તેજ ધ્યેય ઉપર હાલ ચાલે છે, આ વખતમા એવા પરમાર્જિત વિચારોથી શિક્ષણુપદ્ધતિની શોધમા મ-મનારાઓને એની મોટી મદદ મળે એવા હેતુથી ગુજરાત આગળ આ અનુવાદ મૂકુ છુ શ્રીરામ શર્મા.

સંસારમાં આપણે જોઈએ છીએ કે એવો કોઈ સંપ્રદાય નથી જે સત્યને ન વખાણે, જે અસત્યને ન વખોડે વૈદિક ધર્મ તો લલકારીને કહી રહ્યો છે કે—**नहि सत्यात् परोधर्मा नानृतात् पातकं परम्** ' સત્યથી મોટો કોઈ ધર્મ જ નથી, તેમ અસત્યથી મોટું કોઈ પાપ પણ નથી ' પ્રસિદ્ધ તત્વવાદી ( શેખસાદી ) કહે છે —**रास्ती मूजिबे रज़ा-हास्त, कस न दीदम् कि गुमशुदज़् राहे रास्त.** સત્ય પરમાત્માની પ્રસન્નતાનું કારણ છે મે કોઈને સીધા ( સત્ય ) રસ્તે જતા ભુલા પડતા નથી જોયા ' ખ્રીસ્ત ધર્મ પણ સત્યને ઉત્તમ કહે છે, પણ જ્યારે આપણે ન્યાયમંદિરો ઉપર નજર કરીએ છીએ ત્યારે ત્યાં ક્રિશ્ચિયન, મુસલમાન, હિંદુ (બ્રાહ્મ, આર્ય સમાજિક, સનાતનધર્મી વિગેરે) દરેક મતના અવલંબીઓ અસત્ય સાક્ષી પૂરતા દેખાઈ આવે છે, જે ઉપરથી જણાય છે કે તેઓ સાક્ષ્ય માટે મળતા આઠઆના કરતા સત્યની કીંમત વધારે નથી આકતા બજારમા જતા બે આનાની વસ્તુના અઢીજ આના માગનારાઓ સેકડો નજરે પડે છે, ત્યારે એમજ લાગે છે કે તેઓ અર્ધા આના કરતા સત્યને હલકું ગણે છે જે સત્ય પરમાત્માની પ્રસન્નતાનું કારણ છે, તે આવી શોચનીય દશામાં કેમ ? ઉત્તર સાફ છે કે—વ્રતના અભાવે માણસોએ સત્યોપદેશનો લાભ લીધો નહિ જેમ કોઈ ખેડયા વગરના ખેતરે ખસખસના દાણાને વાવે તો તે ઉગીને લીલા તો શાના જ થાય, કદાચ પોચી જમીનને લીધે થાય પણ, તો ફળ શાના આવે ? એમજ જે આત્મા વ્રતહીન છે તેના પર પ્રથમતો સત્યોપદેશની કશી જ છાપ પડે જ શાની, કદાચ પડે પણ, તો તે વધારે ટકાઉ નથી હોતી એટલાવાસ્તે જ પ્રાચીન ઋષિ સત્ય વિદ્યાઓના પુસ્તક વેદોની શિક્ષા માટે બ્રહ્મચર્ય વ્રતને જરૂરતું ગણતા, પણ જ્યારથી એ વ્રત નાશ પામ્યું ત્યારથી જ આ-

ચરણુવાળા વિદ્વાનોની ઉત્પત્તિ બંધ પડી, તેથી જ લોકો સત્યના ગુણ જાણ્યા છતા તે પ્રમાણે વર્ત્તન રાખી શકતા નથી. જ્યારે વ્રત પછી જ ઉપદેશ થશે, ત્યારે તેની છાપ પડયા વગર કેમ રહેવાની પણ સાંભળે જ સુખ મળી જતુ નથી, વળી તદનુકૂલ આચરણથી સુખપ્રત્યે શ્રદ્ધા થાય છે, એમ જ્યારે માણસ સદાચરણ કર છે ત્યારે જ સુખ મેળવે છે જેથી કરીને સત્ય ઉપર તેને પૂર્ણ વિશ્વાસ થાય છે, અને સાથે જ બીજાઓને પણ માટે જ દેશમા ભલાઇ પ્રસારવાને આચરણવાળા વિદ્વાનોની ઉત્પત્તિની આવશ્યકતા છે

કોઇ પણ એ સિદ્ધાન્તની વિરુદ્ધનો નજ હોય કે તે ઉત્પત્તિ શક્તિને આધારે છે અને સસારમા શક્તિ કે અધિકાર માત્ર વિચારોનો જ છે વિચારોથી જ એક મૃતપ્રાય જાતિ સજીવન બને છે, દુરાચરણી તે સદાચરણી અને સદાચરણી તે દુરાચરણી બને છે. શૂરથી કાયર અને કાયરથી શૂર બને છે હવે જોઇએ કે વિચારોની ઉત્પત્તિ શાથી થાય છે વિચારી જોતા ઉત્તર મળે છે કે 'શિક્ષા અને સંગતિ વડે, જેવી શિક્ષા અપાશે, જેવા માણસોની સગતિ થશે તેવા જ વિચાર ઉદ્ભવશે મતલબ કે વિચારસુધારણા માટે શિક્ષાસુધારણાની જ આવશ્યક્તા છે સ્વાર્થ અને પક્ષપાતને કોરે મુકી જોઈતી શિક્ષાના પ્રકારનો નિર્ણય કરી લેવો રહ્યો જેથી કરી આપણા દેશમાથી દુર્ભિક્ષ, મરકી નાશ પામે, અસત્યનો ક્ષય અને કાયરતાનુ સ્થાન વીરતા લે, સ્વતત્ર કાર્ય કરવાની શક્તિ ઉદ્ભવે, સત્યાસત્ય વિવેચન કરવાની શક્તિ આવે, શારીરિક આત્મિક અને સામાજિક ઉન્નતિ થાય.

જો કે આપણા દેશમા ઘણા પ્રકારની શિક્ષા છે પણ જે ભણી આપણી આખો લાગી રહેલ છે તે બે જ છે એક પ્રાચીન એટલે

પાર્વાત્ય, બીજી નવીન એટલે પાશ્ચાત્ય કેટલાક કહે છે કે ' દીપકનો પ્રકાશ પૂર્વમા હો કે પશ્ચિમમા, તેના મૂળમાં કોઇ ભિન્નતા ન જ હોય, તેમ શિક્ષા એક પદાર્થ છે, તે ચાહે પશ્ચિમમા હો કે પૂર્વમા, તેમા શબ્દભેદ તો સભવે પણ અર્થભેદ નજ હોય, જો અર્થભેદ ન હોય તો તેને બે પ્રકારની માનવી યોગ્ય નથી ' સમાધાન એમ છે કે—જોકે પ્રકાશ એક જ છે છતા ચિમની જે રગની ચઢાવવામા આવે તે જ રગનો પ્રકાશ પડે છે જુદા પ્રકારના ગ્લોબ લગાડવાથી નેત્રો ઉપર જુદી જુદી અસર પડે છે, એટલે ઉપાધિભેદથી પ્રકાશમા પણ ભેદ થાય છે એમ નવીન અને પ્રાચીન શિક્ષા પ્રણાલીમા આચાર અને રહેણી કરણીને લઇને મોટો ફેરફાર થઈ જાય છે, વળી પૂર્વ અને પશ્ચિમ જેમ પરસ્પર વિરુદ્ધ ( દિશાઓ ) છે જેમનો મેળાપ જ અશકય છે તેમ બને શિક્ષા પ્રણાલીઓનો મેળાપ પણ જે માણસ બન્ને શિક્ષાપ્રણાલીઓને એકત્ર કરી એક કરી દેવા માગે છે તેઓ મોટા ભ્રમમા છે પ્રાચીન શિક્ષા તો પરોક્ષને ઉત્તમ ગણે છે જ્યારે નવીન પ્રત્યક્ષને, એ પરસ્પરની વિરુદ્ધતાને લઇને—બન્નેનો એક જ ઉદ્દેશ કહેવા જતા લાભને બદલે હાનિ જ થશે **'સત્ય એજ શક્તિ'** [Right is might] જ્યારે નવીન શિક્ષાનો આદર્શ એની વિરુદ્ધ છે ' શક્તિ એજ સત્ય ' [જેની લાઠી તેની ભેસ =might is Right] પ્રાચીન શિક્ષા સભ્ય તેને કહે છે જે પોતાનુ જીવન બીજાને નુકસાનમા ઉતાર્યા સિવાય ગાળે છે જ્યારે નવીન શિક્ષા એની છેક વિરુદ્ધ છે તેની વ્યાખ્યામા તો 'જે શક્તિ પોતાની વિરુદ્ધ શક્તિના નાશમા પ્રવૃત્ત ન થાય તે સભ્ય કહેવાય જ કેમ ' દાખલા માટે જાપાન છે જો કે જાપાનમા શિલ્પ, શિક્ષા વગેરે ઉત્તમ ગુણો ઘણા વખતથી હતા જ, છતા તેની ગણત્રી અસભ્ય

દેશ તરીકેની હતી, કેમકે તેણે બીજી જાતિના લાખો માણુસોને કાપી નાખવાનો પ્રત્યક્ષ પરિચય ન્હોતો આપ્યો જ્યારે તેણે રૂસના ત્રણ ચાર લાખ માણુસો કાપી નાખ્યા કે તરત જ તેની ગણના પણ સભ્યદેશ તરીકેની જાતિઓમા થવા માડી હવે તેને કોઇ અસભ્ય કહી શકે ? ચીનને અને ભારતવર્ષને તો હજી લગી અસભ્ય જાતિ તરીકે જ મનાય છે પણ ઇશ્વર ન કરે કે-જ્યારે એઓ પણ કોઇ દેશના દસ વીસ લાખ માણુસને કાપી નાખી પોતાની નિર્દયતાનો પરિચય આપે તો તરત એમને પણ સભ્યતાની ઉપાધિ મળી જશે. એવા દાખલાઓથી સિદ્ધ થયુ કે પૂર્વની અને પશ્ચિમની શિક્ષામા વિરોધ છે તેમનો સગમ-એકીકરણ-અસાધ્ય છે હવે વિચારવાનુ રહે છે કે જે એક શિક્ષા અપાય તે કઇ ? એતો હરકોઈ જાણે છે કે શિક્ષા એક પ્રકાશ છે, જેનુ કામ માર્ગદર્શકનુ છે, ત્યારે આપણે જોવુ જોઇએ કે પાશ્ચાત્ય શિક્ષાથી માણુસને પોતાનો જીવનોદ્દેશ્ય અવગત થાય છે કે કેમ ? તેને પોતાના હાનિ લાભનો ભાન છે કે અધકારમા જ પોતાના જીવનકાળને ગાળી રહેલ છે ? ત્યારે આપણે એજ્યુએટોને મળીએ, તેમને પૂછીએ, 'મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય શુ છે ? ' ઘણાખરા તો જવાબ વાળશે 'ખાઓ, પીઓ, મજા મારો ' પણ તેમને એ વાતો પશુઓની અદર પણ સરખાવી બતાવીએ, અને કહીએ કે જે પશુઓનુ માસ માણુસ ખાય છે તેમનો વાઘ, કુતરા, વરૂ પણ ખાય છે ત્યારે ઉત્તરમા મૌન વ્રત ધારણ કરી પોતાની સત્ય પ્રિયતા બતાવે છે, જે માણુસને પોતાની પૂજીનુ જ ભાન ન હોય તેને હાનિ લાભનુ જ્ઞાન ક્યાંથી ? એવી જ રીતે જેઓ જીવાત્માના સ્વરૂપથી અજ્ઞ છે તેમને મનુષ્ય જીવનોદ્દેસ્યનુ જ્ઞાન ક્યાથી હોય હવે આ પૂર્વની શિક્ષાને

જુઓ ત્યારે કઈ દસ્ય જ જુદુ છે જે દિવસે બાળક જન્મે છે તે જ દિવસે તેને શિક્ષા ( મસ્કાર ) અપાય છે કે તારો જીવનોદસ્ય આ છે સામાન્ય સમાજ વાળો કહેશે કે આવુ અશક્ય દસ્ય તો અમે કોઈ દિવસે નથી જોયુ પણ કોઇ આર્યગૃહમા 'જાતકર્મ' થતા જોયુ હશે કે પુરોહિતજીએ એક વાડકીમા મધ અને ઘી મેળવી મુકેલુ છે તેમાથી લઇને બાળકની જિહ્વા ઉપર **ओम्** લખ્યુ. અને શિશુના કાને શબ્દો ઉચ્ચાર્યા '**वेदोऽसीति**'=તારૂ નામ વેદ છે એ દસ્યને જો કે કેટલાક તો પોપલીલા વગેરે શબ્દોથી સબોધે છે અને કેટલાક અજ્ઞાનકાળની એક કુરૂઢિ ગણી કાઢે છે પણ તત્વજ્ઞાની જાણે છે કે આચાર્યે બાળકને જીવનાન્ત કર્ત્તવ્ય કમો બતાવી દીધા તેણે જણાવ્યુ કે જેમ વેદી જિહ્વાને માટે મધ સૌથી મિષ્ટ પદાથ છે જેમ શરીરને માટે આ ધૃત સૌથી વધારે બળ આપનાર છે અને જેમ જીવનની આવશ્યકતાઓની પૂર્ત્તિ માટે આ સુવર્ણ લાભદાયક છે ને જ રીતે તારા આત્માને **ओम्** છે હવે પ્રશ્ન એ થાય છે કે આમા જીવાત્માના સ્વરૂપનુ વર્ણન તો કર્યુ જ નહિ ? પણ નહિ, જુઓ, આચાયે કાનમા કહ્યુ જ છે, કે તારૂ નામ **वेद** છે, **वेद** શબ્દ જે ધાતુવડે નિષ્પન્ન થયો છે તેનો અર્થ છે '**सत्ता**' એટલે અસ્તિત્વ એટલે કે જે વસ્તુ ત્રણે કાળમા ( શાશ્વત ) રહે બીજો અર્થ છે **ज्ञान** અને **लाभ**, એ ઉપરથી જણાય છે કે જીવાત્મા ત્રણે કાળમા અસ્તિત્વમાં રહેનાર દ્રવ્ય છે, કે જે **ज्ञान**વાળો છે અને સસારમા **लाभ** મેળવવા આવેલ છે. તે **लाभ** છે ઇશ્વરપ્રાપ્તિ પણ હાલની કોઇ શાળા કે સ્કૂલમા જઇ વિદ્યાર્થીને પૂછીએ 'ભણીને શુ કરવાના છો ? સેકડે એસીનો જવાબ 'નોકરી' જ મળશે અરે! જે શિક્ષાનો ઉદ્દેશ જ ગુલામી થઇ પડયો હોય તે શિક્ષાથી દેશને કટલો અને લાભ મળવાનો હતો ?

## અંગ્રેજી વાદક સંવાદ

એ૦—જેઓ રાજ્યભાષા શીખવાને વખોડે છે અને પ્રાચીન શિક્ષાને વખાણે છે તેઓ તદ્દન મૂર્ખ છે

વૈ૦—જેને ઇશ્વરે બુદ્ધિ આપી છે તે દરેક માણસ સૌ કામ લાભ જોઇને જ કરે છે હાનિકારક કાર્યને કોઇ બુદ્ધિમાન્ નથી કરતો જે શિક્ષાથી દેશને લાભ જ ન મળે તે ગમે તો રાજ્યભાષા હો કે સમ્રાટભાષા હો, તે માર્ગનો શ્રમ વ્યર્થ છે

એ૦—અંગ્રેજીથી દેશને ઘણા લાભ થયા છે જુના ડોસાઓને તો બુદ્ધિ જ નથી તે અને તેમને અનુસરનારાઓ મૂર્ખતાને કારણે જુઠી કહે છે નહિ તર એના લાભ તો સૂર્ય કરતાએ વધારે ઝળકતા દેખાય છે

વૈ૦—કયો લાભ દેશને થયો તે બતાવવા જ જોઇએ શું દુષ્કાળ, મરકી, મુકદ્દમાબાજી સબંધી કે શારીરિક, આત્મિક, આર્થિક કે આચાર સબંધી ?

એ૦—શું દુષ્કાળ અંગ્રેજી શિક્ષાનું પરિણામ છે ? કેમે કરી નહીં એ તો—દેશની વસ્તી વધતી જાય છે અને પ્રાચીન શિક્ષાએ ભીખારીઓનો વધારો કર્યા કર્યો છે તેને લઇને દુષ્કાળ પડે છે. જો દેશીઓ શિલ્પમા મડયા હોત તો અધોગતિ ન થાત

વૈ૦—કૃપાનિધાન ! જો જરા વિચારી જોશો તો બધી બુરાઇઓ એ નોકરીની શિક્ષાના કારણે જ ઉદ્ભવો છે એના પદાર્પણ થયા પહેલા દેશમા શિલ્પાદિ સર્વ કંઇ હતું. હજુએ દેશમા

આમ તો વરસમાં એટલુ બધુ પાકે છે કે ત્રણ વર્ષ ઉપર પહોચી શકે. ભીખારીઓ દેશને ભારરૂપ ખરા પણ તેમનાથી દેશ- તેટલી હાનિ નથી જેટલી કે અગ્રેજી કેળવણી પામેલા વર્ગથી એ સર્વ આપની જ કૃપા

એ૦— એ તો નકામો બડબડાટ છે અગ્રેજી કેળવણીથી દેશને આર્થિક મદદ મળે છે ભીખ માગનારાઓને તો તમે જ ભારરૂપ સ્વીકારો છો અગ્રેજી કેળવણીથી દેશને હાનિ પહોચતી કહેવામા તમારી પાસે દલીલ કયા છે ?

વૈ૦—એ તો માત્ર ધારી લીધેલુ છે કે ' આ દેશના કેળવણી પામેલા માણુસો પરદેશો પાસેથી કઇ કમાણી કરી જાણુતા નથી તેમ આજ સુધી પરદેશોથી કઇ વિશેષ ધન એમની કૃપાથી નથી આવ્યુ.' એથી ઉનટા તો ભારતમા ત્રણ સમુદાય છે ૧ લો—-વકીલ, બેરિસ્ટર, આ સમુદાયથી દેશને કેટલો આર્થિક લાભ થયો છે ને સામાન્ય માણુસ પણુ કળી શકે છે વકીલોને પરદેશીઓ પાસેથી તો કઇ પણ મળતુ જ નથી, અસીલ પાસથી તેઓ સ કડે પાચ ટકા લે છે અસીલને ૭ા ટકા કોર્ટફીના અને ૨ાા ટકા બીજા પરચુરણુ અ પવા પડે છે સ્પષ્ટ છે કે જ્યારે અસીલ રૂ ૧૫ ના નુકસાનમા ઉતરે ત્યારે વકીલને પાંચજ મળે, એટલે કે ભારતની નુકસાનીનો ⅓ ભાગ એમને મળે છે, ધારો કે હાલ હિંદમા પાચહજાર વકીલ છે, તે દરેકનો આવક ત્રણુસો ધારીએ તો કુલ વકીલોની આવક પદર લાખ થવા જાય છે એટલે એમ કહોને કે ત્યારે હિંદ ૪૫ લાખની હાનિમા ઉતરે છે એ સિવાય જેટલા વકીલ વધતા જાય તેટલીજ મુકદ્દમાબાજી વધતી જવાની, જો એ ન વધે તો વકીલો શુ ખાવાના ? એ કામે વખત, ભાડા વગેરેમાં જે દ્રવ્ય નાશ થાય છે તે તો વળી જુદજ, પણુ જો

ઇશ્વર ન કરે કે—વકીલો પાચહજારથી વધી પચાસ હજાર થાય તો જ્યાં આજે ૪૫ લાખનો ખાડો પડે છે તે ૪૫ કરોડનો પડે, ૨ જો—સમુદાય છે અર્ધસ્વતંત્ર ડાકટરોનો એઓ પણ પરદેશથી લાવતા તો કઇ નથી, હા, જે વખતે દરદી પાસેથી પોતાને માટે બે રૂપિઆ મુકાવી લે છે તેજ વખતે તેને પરદેશી ઔષધ આપી બે રૂપીઆ લઇ તે જાણે પરદેશ જમે કરાવે છે જેથી પણ દેશને હાનિ થાય છે ૩ જો—સમુદાય નોકર વર્ગનો, તેમની દશાજ જુદી, બી. એ થતા સુધીમાં આસરે ચારેક હજારનો ખરચ થાય છે ત્યારે મહામુસીબતે રૂ ૪૦) માસિકની નોકરી મળે છે જેનો ચોકખો હીસાબ છે કે સેંકડે ૧ ટકા વ્યાજ તો મળે છે પણ દીકરો ને મૂળ મુડી હાથથી જાય છે એ સિવાય વિદેશી વસ્તુઓના પ્રચારથી જે ક્ષતિ દેશના હુન્નરને થાય છે તેના કારણરૂપ પણ આપણા નવીન કેળવણી પામેલા ભાઇઓજ છે જો વિદેશથી કઇંક આવે છે તો તેજ ખેડુતોના શ્રમે કરીને જેમને આપણે ગામડીઆ અને અભણ કહીએ છીએ

એ૦—આ દેશ આખો મૂર્ખ અને કાયર હતો એમા કઇંક આત્મિક બલ રેડયુ છે તો તે નવીન કેળવણીએજ

વૈ૦—મહાશય ! જે કેળવણીના વિદ્યાર્થીઓના સેંકડે ૯૭ ટકાનો ઉદ્દેશ જ નોકરીનો એટલે દાસત્વનો હોય તેઓમા જ્ઞાન અને આત્મિક બળનુ નામ પણ કયાથી હોઈ શકે, હા, વાચાલતાતો જોઇએ તેટલી હોય પણ કર્મભૂમિમાં તેની વિરુદ્ધ જ રૂપ દેખાય છે સુધારક હોવાનો દાવો કરનારા મોટમોટા પુરુષો આત્મિક નિર્બલતાનાં ઉદાહરણ બની રહ્યા છે. આત્મિક બળ જો આવી શકે છે, તો તે પ્રાચીન કેળવણીથી જ પ્રાચીન કાળના બ્રહ્મચારીઓ નોકરીનાં

ઉદ્દેશ્યથી વિદ્યા પ્રાપ્ત માટે કંઇ ન્હોતા જતા. અને ન જ અત્યારની તેમ ત્યારની શિક્ષા પ્રણાલી દૂષિત હતી

એ૦—હાલની નવી શિક્ષા પ્રણાલીમાં શા દોષ છે તેમ પ્રાચીનમાં શા ગુણ હતા ? તેમ બ્રહ્મચારીઓ શા પ્રયોજનને વાસ્તે શિક્ષા મેળવવા જતા ?

વૈ૦—તમે હરહમેશ જુવો જ છો ને, બોર્ડિંગ સ્કૂલોમાં ગરીબ અને અમીર બન્નેનાં બાળકો જાય છે અમીર જ્યારે પોતાની પ્રતિષ્ઠા પ્રમાણે ઉચ્ચસ્થિતિનો ઉપભોગ કરે છે, અને ગરીબનાં બાળકને તેના જાડા મેલા વસ્ત્રો વગેરે જોઇ ઘૃણાની દૃષ્ટિએ જુએ છે મનમાં કહે છે 'આ કંગાલ મ્હારી પાસે કેમ બેસે.' બીજી બાજુએ ગરીબનુ બાળક અમીર બાળકના ઉત્તમ ભોજન વસ્ત્ર દેખી ઇર્ષાનો અભ્યાસી બનતો મનમા કહે છે. 'મને પણ એ બધુ કેમ ન મળે' **જેટલી એ શિક્ષા વધે છે તેટલીજ ઘૃણા અને ઇર્ષા પણ વધે** છે આપણા યોગ્ય દેશ ભાઇઓને વિલાયતથી ભણીને પાછા આવતાં પોતાના જ દીન દેશબન્ધુઓને મળવામાં ઘૃણા થાય છે. પણ પ્રાચીન શિક્ષાપ્રણાલી તો એથી એકદમ વિરુદ્ધ હતી, પ્રાચીન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને 'દ્વિજ' કહેતા, જેનો અર્થ 'બે જન્મવાળો' છે પહેલો જન્મ માતાપિતાથી અને બીજો વિદ્યામાતા અને ગુરુ પિતાથી મનાતો એમજ કહોને કે જેટલા બાળકો ગુરૂકુળમાં શિક્ષા લેતા તે બધાના માબાપ એક થઈ જતા જેથી તેમને ભોજન વસ્તુ સરખાજ મળતા તેમનું જોરનું વર્તન પણ સરખુજ, જેનુ પરિણામ ઘૃણા અને ઇર્ષાની દૂષિત ભાવનાઓથી મુક્ત ર્‌હેવામા આવતુંજ

હવે જોઇએ તે ઉદ્દેશ્ય, જેના વાસ્તે બ્રહ્મચારીઓ શિક્ષા ગ્રહણ કરતા. તેનું ચિન્હ પ્રત્યેક બ્રહ્મચારીના ગળામા **યજ્ઞોપવીત** હોય છેજ. ભલે આજે તે તાળાની કુચીઓ સાચવવા પુરતુજ સાધન થઈ પડયુ છે પણ જેઓ એ તત્વને જાણે છે તે માને છે કે એ **વ્રતબન્ધ** કે **પ્રતિજ્ઞાસૂત્ર** છે એટલે બ્રહ્મચારી જે પ્રણ કરીને શિક્ષા લેવા જાય છે તેનો આ નિદર્શક છે તેમા રહેલી ગ્રથિને જોતા જ તેણે કરેલી સમગ્ર પ્રતિજ્ઞાઓ સ્મરણમા તાજી થઈ જાય છે કેટલાક પ્રશ્ન કરે છે કે હાલના વખતમા તે વ્રત સ્મરણમા કેમ નથી આ-વતાં ? એનુ કારણ એ છે કે, ખરૂ જોતા **યજ્ઞોપવીત** ત્રણ તાંત-ણાનુ હોય છે પણ હાલ તો ઘણા ખરાના ગળામા બબે **યજ્ઞોપવીત** છે એટલે જયા લગી દરેક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યના ગળામા એક જ હતુ ત્યાં લગી તેને વ્રત સ્મરણમા રહ્યા, પણ જ્યારથી પુરુષોએ સ્ત્રીઓને મૂર્ખ રાખી તેઓ ઉપર શાસન કરવાના મતલબથી તેમનું **યજ્ઞોપવીત** પણ ઉતારી પોતાને ગળે નાખી લીધુ ત્યારથી જ આખો આશય નષ્ટ થયો કેટલાક મિત્રો કહેશે, તેના ત્રણ તાંતણાનો શો આશય ? સમાધાન એમ છે કે બ્રહ્મચારી પ્રતિજ્ઞા કરે છે કે, ૧
(બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ) ત્રણ આશ્રમોને પૂર્ણ કરી
ટલે કે ચોથા આશ્રમ સન્યાસ લેતાં જ **યજ્ઞોપવીત** ઉ
આવે છે ૨ જી પ્રતિજ્ઞા કરે છે કે હુ માણસ
ઋણ (દેવઋણ પિતૃઋણ અને ઋષિઋ

સવાદ અહીં પૂર્ણ થાય છે

'આપણે તો દેવતાઓ પાસેથી '

ઉ૦—તમે દરરોજ '

રીને કાઢો છો, શુદ્ધ

છો ચોખ્ખુ સમજાય તેમ છે કે તમારા શરીરથી વાયુ, જળ તેમજ પૃથ્વિવીને નુકસાન પહોચે છે એમ તેમને હરરોજ હાનિ કરતા બદલા તરીકે કશુએ ન આપો તો શુ તેમનુ તમારા ઉપર દેવુ ન ચડે? અલબત ચટે જ અને વળી કોઈ માણસ ઋણુતો લેતો જાય પણ પાઈ પણ ન ચુકવે તો થોડા વખત પછી જપ્તી ને હરરાજી ખરી જ ને? આપણે દેવતાઓને ક્ષતિ પહોચાડીએ છીએ તેનો બદલો વાળતા નથી ત્યારે દેવતાઓના બગડી ઉઠવાથી પ્લેગ વગેરે મહામારીઓના રૂપમા જપતીઓ ને હરાજીઓ થવા માંડી છે, વગેરે ત્રીજી પ્રતિજ્ઞા બ્રહ્મચારી એ કરે છે કે હુ ત્રણે વેદકાડ (જ્ઞાન, કર્મ અને ઉપાસના) ને પૂર્ણ કરીશ ૪ થી પ્રતિજ્ઞા કરે છે કે 'હુ સત્, રજસ્, તમસ્, ગુણ વાળી પ્રકૃતિને પાર જઇ અનત ઇશ્વરને મેળવીશ' ૫ મી પ્રતિજ્ઞા છે જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ ત્રણ અવસ્થાઓને પૂર્ણ કરી મુક્તિને પ્રાપ્ત કરીશ ત્રણ પ્રકારનુ વર્ત્તન (મોટાને માન, સમાન સાથે સમતા, પ્રેમ તેમ ન્હાના ઉપર દયા એ) હમેશ આચરીશ એ પ્રમાણે બીજી પણ પ્રતિજ્ઞાઓ છે જેના પાલન માટે ...મ લેતા, સૌથી મહાન ગુણ પ્રાચીન શિક્ષાપ્રણાલીમા એ ...ે માણસના શરીરને સુદૃઢ અને આત્માને બલિષ્ઠ કરતી ...ો બધો પ્રેમ બધાતો કે બધા માણુસો એક માતા ...રહેતા, પણ આ નવીન શિક્ષા પ્રણાલીતો મા... ...કરી નાખે છે સ્વાસ્થ્ય બગડી જાય છે ...આ વાતનો કોઇ પ્રતિબધ નથી કે તેમની જરૂરીઆતોને ઓછી ...રીઆતો વધારી તેમના આ... આવે છે કે તેઓ

નોકરી અગર બેઇમાનીથી દ્રવ્યોપાર્જન કરવા લાચાર બને છે. એટલે નક્કી જ વર્તમાન શિક્ષાપ્રણાલી માણસને અધર્મી બનાવી મુકે છે. દાખલા તરીકે—એક માણસને પાચ છોકરા છે અને પગાર મળે છે રૂ ૨૦ હવે તે સર્વ સંતાનોને ભણાવે નહિ તો આ નીતિવચન પ્રમાણે સંતાનનો શત્રુ નીવડે છે

**माता शत्रु पिता वैरी, येन बालो न पाठित ।**
**न शोभते सभामध्ये हंसमध्ये बको यथा. ॥**

"તે માતા, પિતા બાળકના શત્રુ જ સમજવા જેઓએ તેને ભણાવ્યો ગણાવ્યો નહિં, તે બાળક (અભણ રહેવાથી) સભાસ્થળોમા—હંસોમા બગલાની જેમ—શોભતો નથી" જો તેઓ ભણાવવા યત્ન કરે છે ત્યારે કૉલેજ અગર સ્કૂલમા મોકલે છે ત્યાં (છાત્રાલય કે શિક્ષાલય) ની ફી મળી ઓછામા ઓછી રૂ ૧૦) માસિક એક બાળક માટે માગે છે એમ પાચ પાચ બાળકો માટે રૂ ૫૦) માસિકની જરૂર સ્પષ્ટ જ છે, અને પગાર માત્ર રૂ ૨૦) હવે તે બિચારો જો લાચ વગેરેથી બાળકોને ભણાવે છે ત્યારે બેઇમાન બને છે સૌથી મોટો દોષ તો એ છે કે દેશમા જે દારિદ્રયની અને દેશના કેળવાયેલા વર્ગના દેશહિતમા યોગ નહિં દેવાની વાત ચર્ચાય છે તેનું કારણ પણ આ નવીન કેળવણી જ છે તે બાળલગ્નનો વાંધો નથી લેતી જેથી દેશમા દારિદ્રય વધે છે જ્યારે એક બાળકને આઠમે વરસે પરણી દેવાય છે, ત્યારે એક હજાર રૂ ખર્ચ થાય છે. હવે જો બાળક ૧૮ વરસની વયે લગનનો લાભ લેવા યોગ્ય હોય તો દસ વરસ સુધીમા હજારના વ્યાજની ખોટ આવી, જે આસરે બે હજાર થવા જાય છે. જો ૧૮ વરસની વયે તેને પરણાવ્યો હોત તો હજારના ત્રણ હજાર થાત એટલે પરણવાનુ ખરચ આપી બે હજાર

સિલક રહે છે એ સિવાય કન્યા મરી જાય તો તેને ફરી પરણવામા જુદુ જ ખરચ કરવુ પડે અને જો વર મરી જાય તો તો જીવનાંત ઘરમા બાલવિધવા બેરી રહી જીવન ગાળવાનુ દુ ખ હાજર રહે એક બાજુ ન્યાતનો ભય ન રાખવાનુ કારણ એ છે કે ન્યાતનુ તેમના ઉપર ઋણ નથી જો તેમણે શિક્ષા મેળવી છે તો તે સરકારની વ્યવસ્થા કે માબાપની સપત્તિ વડે ત્યારે તેઓ ન્યાત કે જાતિની સેવા કેમ કરે ?

પણ પ્રાચીન શિક્ષા આ સર્વ દોષોને પરિમાર્જિત કરી નાખતી પહેલા તો તે બ્રહ્મચારીઓની જરૂરીઆતોને ઓછી કરવાનું જ શીખવતી, જેથી તેઓ શરીરના ગુલામ થવાને બદલે શરીરના સ્વામી થતા બ્રહ્મચર્યને લીધે શરીર સુદઢ થતુ વેદોની શિક્ષા અને ઇશ્વરભક્તિ વડે આત્મા બલિષ્ઠ થતો તેમ ગુરુને પિતા અને વિદ્યાને માતા માનવાથી ભ્રાતૃત્વનુ સગપણ જામતુ જેથી સમાજ પણ બલિષ્ઠ થતો વસ્તુત ઋષિ દયાનદના શબ્દો-" સસારનો ઉપકાર કરવો આર્યસમાજનો મુખ્ય ઉદ્દેશ છે એટલે શારીરિક, આત્મિક તથા સામાજિક ઉન્નતિ કરવી " નો અર્થ માત્ર પ્રાચીન શિક્ષાપ્રણાલીને પ્રચલિત કરવાનો છે જેને ઋષિએ બીજે સ્થળે બીજા શબ્દોમા " વેદ સત્ વિદ્યાઓનુ પુસ્તક છે વેદનુ ભણવુ ભણાવવુ અને સાંભળવુ, સભળાવવુ આર્યોનો પરમ ધર્મ છે " એમ કહ્યુ હતું હવે જ્યારે ભણે ભણાવજ નહિ ત્યારે સાંભળવુ, સભળાવવુ શાનુ ? તે પ્રણાલીમા અધર્મી બનાવવાનો દોષ હતો જ નહિ, કેમકે તેમ ભણાવવા માટે ફી આપવાનુ જ ન હતું.

વેદે ૨૫ વર્ષમા વધારેમા વધારે ૧૦ સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા આપેલી છે, જે પ્રમાણે અઢી વરસે એક બાળક થાય છે,

જ્યારે એક બાળક અઢી વરસનુ, બીજુ પાચ વરસનુ, ત્રીજુ સાડાસાત વરસનુ થયુ પણ પાચમા વરસના અતે કે આઠમા વરસના આરંભમા બ્રહ્મચારીએ ગુરુકુળે જવુ ફરજીઆત છે એથી ઘરમા ફક્ત બેજ બાળક રહેવા પામે તેમાં ન્હાનાની સભાળ માતા અને મોટાની પિતા કરતો, અને બાકીના બાળકો ગુરૂકુળમા પહોચી રહેતા ગુરૂકુળમા પરણેલા તો રહી શકત જ નહિ, એથી તે બધાનુ બ્રહ્મચારી રહેવુ ફરજીઆત જેવુજ હતુ તેથીજ બાલવિધવાઓ વધવા ન પામતી ન જ વ્યાજની ખોટથી દારિદ્રય વધતુ અને ન જ શરીર નબળુ બનતુ, સૌ બ્રહ્મચારીઓ સાત વર્ષના થતાં લગી માતા પિતાના ધનથી પોષાતા અને જે ૧૮ વરસ તેઓ ગુરૂકુળમા શિક્ષા મેળવતા ગાળતા ત્યા તેમની જરૂરીઆતો દેશ, જાતિ તરફથી પુરી પાડવામા આવતી, તેથી તેઓ જો ૭ ભાગ માબાપના કૃતજ્ઞ થતા તો ૧૮ ભાગ તેમના ઉપર જાતિનુ ઋણ થતુ જેને વાળવુ તે પોતાનો જીવનોદ્દેશ્ય ગણતા જો આપણે બરોબર વિચારીએ તો પ્રાચીન શિક્ષાપ્રણાલીના કાળમા શરીર તેમ મસ્તિષ્ક બલિષ્ઠ હોવાને લીધે આપણે જગત્ ગુરુ કહેવાતા ચક્રવર્તી રાજા થવા પર્યન્તના વૈભવ ભોગવતા, ત્યારે નોકરી (દાસત્વ) ની કામના ન્હોતા રાખતા પણ નવી વર્તમાન પ્રણાલીએ આપણા મગજ બગાડીને વિલાયતી કરી નાખ્યા, જેથી સ્વદેશી વસ્તુઓ આપણને ગમતી નથી; માટેજ આપણા દેશની કળાનો અત આવ્યો. અને જે શિક્ષિત સમુદાય નિત્ય નવા આવિષ્કારો વડે વિદેશથી ધનની કમાણી કરતો તે નોકરી ( દાસત્વ ) નો અભિલાષી થયો, તેમ દેશધનને વિદેશ મોકલી દુભિક્ષ પાડનાર કારણ તરીકે નિવડયો.

હવે એ વિચાર કરવો રહ્યો કે પ્રાચીન શિક્ષા વડે કેવા

નર નીપજતા અને હાલની શિક્ષાથી કેવા નીકળે છે નવીનના તો આપણી સમક્ષ છેજ, પ્રાચીન શિક્ષના એ ચાર વ્યક્તિઓના નામ લઈ પોતેજ તુલના કરી શકાય તેમ છે મહાપુરૂષ રામચંદ્રના કથા રામાયણમા વાચીએ જ છીએ 'રામલીલા' મા જોઈએ છીએ કે મહારાજા રામચંદ્રજીના પિતા આજ્ઞા દે છે કે રાજ્ય છોડી વને જાઓ પિતાતો પોતાના મુખે નથી કહેતા, માતા કહે છે, તે પણ સાવકી. ધર્મિષ્ઠ રામ આ શબ્દ સાભળતાજ એકદમ રાજ્ય છોડી વને સિધાવે છે તે જો આજની શિક્ષા પામેલ હોત તો તરત બોલી પડત 'રાજ્ય તો વંશ પરંપરાથી ચાલતુ આવે છે મ્હારી પાસેથી ખુચવી પરને આપવાનો પિતાજીને શો અધિકાર છે? હવે જ્યારે ધર્મિષ્ઠ રામ પિતાની આજ્ઞા વડે વને જાય છે ત્યારે લક્ષ્મણજી વિચારે છે કે રામ ધર્મભાવનાથી વનમા જાય છે ભાઈનો ધર્મ વિપત્તિમા સહાય છેજ, ત્યારે શું હું આવી તકે મ્હારો ધર્મ ન બજાઉં? આર્તનાદ થાય છે કદાપિ ચુકતો મા' બસ, તે રામ જોડે વને જવા ઉપડે છે હવે મહારાણી સીતાજી પણ પોતાના પાતિવ્રત ધર્મને વિચારતા સાથે જવા સજ્જ થાય છે મહાપુરૂષ રામ અને લક્ષ્મણ તો ગુરૂકુલમાના અભ્યાસકાળે વનને જોઈ ચૂક્યા હતા, ત્યાના ભીષણ દૃશ્યો તેમને વિદિત હતા તેઓ ભયંકર સિંહનાદ, કંટકાકીર્ણ માર્ગ વગેરેની અસંખ્ય મુશ્કેલીઓ સીતાજી આગળ બતાવવા લાગ્યા, ત્યારે સીતાજીએ સર્વનુ સમાધાન એકજ વાક્યથી કરી આપે છે 'જો એવુજ ભયંકર વન છે, ત્યારે આપ કેમ જાઓ છો' ધર્મિષ્ઠ રામ બોલી પડયા 'હુ તો પિતાજીની આજ્ઞા પૂર્ણ કરવા જાઉં છુ' સીતાજી જવાબ વાળે છે 'ત્યારે આપ પોતાના પિતાની આજ્ઞા પ્રમાણે એવા વનમા જીવાવો છો ત્યારે શુ હું મારા જનકની

આગ્રા ન પાળુ ' ' મારા પિતાજીએ પણ આજ્ઞા કરેલી કે પતિનો સગ છોડવો નહિ, જ્યારે આપ પોતાના પિતાની આજ્ઞા જોતા દુઃખોનો વિચાર નથી કરતા ત્યારે હુ પણ મારા પિતાજીની આજ્ઞાઓને સ્મરણ કરતાં કઇ પણ હુ મને શાનુ વિચારૂ ? એમ એ ત્રણે તો જાય છેજ પણ એ પછીના દશ્યના મુકાબલાનુ ઉદાહરણ તો સમગ્ર સસારના સપૂર્ણ ઇતિહ સમા પણ ન જડી શકે મહાત્મા ભરતને રાજ્ય મળે છે પણ તે શાના સ્વીકારે, માતા કહે છે ' રાજ્ય તારા માટે જ મે માગી લીધુ છે ' મત્રીઓ વગેરે મડળી કહે છે, રાજાએ તમનેજ સોપ્યુ છે પણ ભરતનો એજ ઉત્તર આપે છે. ' હુ તો નજ લઉં, મ્હારો હક નથી ' મે વેદોમા વાચ્યુ છે.

**ईशावास्य मिद ँ सर्वं यत्किंच जगत्यां जगत्।**
**तेन त्यक्तेन भुञ्जीथा. मा गृध कस्य स्विद्धनम्॥**

' આ જગત્ સમષ્ટિ, ને વ્યષ્ટિરૂપથી ઇશ્વરથી આચ્છાદિત રહેલુ તેનુ નિવાસ સ્થળ છે કોઈ સ્થળ કે પરમાણુ પણ નથી જ્યા તે ન રહેલો હોય, પર્વતોના ઉચ્ચ શિખર તથા સમુદ્રના ઉંડાંમા ઉંડા તળીઆ સુધી, તેમ પર્વતોની સ્થિર અંધકારમય ગુફાઓમાં તે વ્યાપક છે તે પરમાત્માએ આપેલુ જ ભોગવો કોઈ બીજાનો હક ખુચવી લેતા ના " લોકો કહે છે કે જ્યારે પિતા તમને આપી ગયા, રામ તમારા માટે જ મુકી ગયા, અમે બધા પણ તમને સોંપીએ છીએ, ત્યારે તો આ બધુ તમારૂ ખરૂ જ તરતજ ભરતજી ઉત્તર વાળે છે ' બેશક તમે આપો છો પણ વેદમાં તો એવી આજ્ઞા નથી, કે પિતાએ, માતાએ, ભ્રાતાએ કે મત્રી વગેરેએ આપેલ ને ભોગવે, પણ તેમાં તો સાફ ફરમાન ઇશ્વરે જ

આપેલાને ભોગવવાને માટે છે. ઈશ્વરીય નિયમ પ્રમાણે રાજ્ય મોટા ભાઈને માટે હોય છે જો ઈશ્વરે મ્હારા માટે રાજ્ય રાખ્યું હોત તો તે મને રામથી મોટો કેમ ન કરત ? બસ, જ્યારે તેણે મને મોટો જ ન કર્યો ત્યારે રાજ્ય ઉપર મ્હારો વારસો શાનો ? તેથી હુ ન જ લઉ.'

હવે આ દાખલાઓથી એતો સાબીત થયુ જ કે પ્રાચીન શિક્ષા આત્માને એટલો બધો તો બલિષ્ઠ બનાવી મુકતી કે તેની સમક્ષ રાજ્ય કઇ વસ્તુ જ ન ગણાતું. ત્યારના **માણસો ધર્મના માટે રાજ્યને તુચ્છ ગણી છાડી દેવાને સમર્થ હતા.** તેમને રાજ્ય ત્યાગવામા લેશ પણ દુખ ન થતુ તેમજ આગળ જતા જણાય છે કે **તેમને રાજ્ય મેળવવુ પણ કઈ મોટી વાત ન હતી.** જ્યારે રામચદ્રજીને લકા ઉપર ચઢાઈ કરવાની ફરજ જણાઇ ત્યારે તેમણે ભાઈ ભરતને ખબર સુદ્ધાં ન કરી એટલુએ ન જણાવ્યું કે 'થોડીક સેના મોકલજો કે થોડાક શસ્ત્રાસ્ત્ર કે અન્નાદિ કઇક મોકલો, પણ ત્યાની ત્યાંજ સેના ઉભી કરી લકા ઉપર ચઢાઇ કરી વિજય મેળવ્યો. પ્રાચીન શિક્ષા માણસને રાજ્ય છોડવાનુ તેમ મેળવવાનું કામ એક સ્વલ્પ કાર્ય ગણકારનાર ઘડતી હતી પણ આ નવીન શિક્ષા તેને બસો, ત્રણસો કે હજાર બે હજારની નોકરી ઉપર જ અભિમાન કરવાવાળી બનાવે છે જેથી કહેવુ પડે છે '**તેની એની સરખામણી જ શાની ?**'

પ્રાચીન ઇતિહાસ આવા દાખલાઓથી પૂર્ણ છે સૌથી છેલ્લો દાખલો મહાન્ ભીષ્મનો છે, જે પછી કે પ્રાચીન શિક્ષા પદ્ધતિમા બગાડ આરભ થયો જારે અખડ બ્રહ્મચારી મહાન્ ભીષ્મ ગુરુકુળમાં શિક્ષા પૂર્ણ કરી ઘેર આવે છે ત્યારે એક દિવસે પિતાના

ચેહરા ઉપર કષ્ટનાં ચિન્હ જોઇ ચકિત થાય છે આ દુ ખનુ શુ કારણુ હશે ।પેતાનુ રાજ્ય કાયમ, કોઇ શત્રુ પણુ આક્રમણુકારી નથો જણાતો, સંતાન પણુ છે. ધન સપત્તિની કમી નથી. ' નજ કોઇ શોક પ્રસંગ છે ' કારણુ શોધતા ' તે પોતે જ ' માલમ પડે છે. તેમની કોઇ વર્તણુંક તો કારણુરૂપ હોય જ શાની, છતાં કાળચક્રે તેમને જ કારણુ ઠેરવ્યા. શાંતનુ રાજા એક ક્ષત્રિય કન્યા ઉપર મોહ પામ્યા તે પ્રત્યે પરણુવાની પ્રાર્થના કરી, ક્ષત્રિયે કહ્યુ ' હું મારી કન્યા રાજા જોડે નહિ પરણાવુ, કેમકે મારી કન્યાનો પુત્ર રાજા નથી થવાનો, રાજા તો થવાના ભીષ્મ, અહા ! કેવા ઉત્તમ કાળ, આજની જેમ ધનવાનને જોઇ કે ધન લઇ દશ વર્ષની કન્યાને સાઇઠ વર્ષના વૃદ્ધ સાથે પરણાવી 'દાદાપૌત્રી' ના લગ્ન ન્હોતા કરતા, પણુ સંતાનને સતાન સમજતા, 'પોતાના કન્યાનો પુત્ર રાજા થવાનો નથી ' માત્ર એટલા કારણુસરજ તે એક મહાન્ રાજા જોડે કન્યા પરણાવવા રાજી નથી, એમ પીતાના લગ્નમાં વાંધો આવેથી તેઓ પિતાના દુ ખના નિદાન બન્યા. શા માટે ? એટલા માટે કે પિતા ન્હોતા માગતા કે પોતાને લીધે ભીષ્મનો હક્ક ખુચવી લેવાય કેમકે ભીષ્મ લાયક હતા, જેના રાજ્યમાં પ્રજાને સુખ મળવાનુ હતુ. બસ, રાજાને એજ ચિંતા જ્યારે ભીષ્મને એ વાતની ખબર પડે છે ત્યારે તેઓ ખેદ પામેછે અને કહેછે કે હું કેવો પુત્ર ? જેનું અસ્તિત્વ પિતાના દુ ખનું કારણુ હોય. 'પુત્ર' નો અર્થ તો 'માતા પિતાને દુ ખથી મુક્ત કરનાર 'નો છે અંતમા મહાન્ ભીષ્મનું મહાન્ હૃદય પિતાના આ દુ ખને ખમી ન શકયું ત તે ક્ષત્રિય પાસે પહોચી બોલ્યા, કેમ તમારી કન્યા રાજા જોડે નથી પરણાવતા ? તે બોલ્યો શા માટે પરણાવુ ? મારી

કન્યાનો પુત્ર રાજા તો થવાનો જ નહિ, તે તો તમે થવાના ત્યારે શું મારી કન્યાને દાસી થવા આપું ? ના, મારાથી એમ નજ બને.' ભીષ્મ બોલ્યા —'વારૂ, હું ખુશીની સાથે રાજ્ય છોડી દઉં છું હવે તો રાજાને કન્યા આપો તમારી કન્યાનો પુત્રજ રાજા થશે છતાં તેણે તો ઇન્કાર જ કર્યો ભીષ્મે કારણ પૂછતા કહ્યું શું મારી વાતનો વિશ્વાસ નથી ? તે બોલ્યો, તમે બ્રહ્મચારી છો, એથી તમારો વિશ્વાસ ખરો, પણ રાજ્ય તમે ન લેશો છતા તમારી પરાક્રમી સંતતિ પોતાનો હક્ક માની કન્યાના પુત્રોને હણી રાજ્ય છીનવી લેશે. ભીષ્મ ચમકયા 'એનું શું ઉત્તર આપું' અને કહ્યું 'જાઓ, હું પરણુતો જ નથી, ત્યારે સંતતિ જ ક્યાથી ' હવે ક્ષત્રિએ કન્યાને રાજા જોડે પરણાવી. તે કન્યાને વિચિત્રાઙ્ગદ અને વિચિત્રવીર્ય બે પુત્ર થયા, તેઓ અનુક્રમે અબા અને અબાલિકા જોડે પરણ્યા પણ હજી તેઓ ન્હાના જ હતા કે તેટલામા મહારાજા શાંતનુનો દેહ પડયો. હવે તે પૈકી કોઇ રાજા થવા યોગ્ય નહતો, લોકોએ ભીષ્મને ગાદી લેવા કહ્યું, પણ તેઓ બોલ્યા ' શુ ક્ષત્રિય વમન કરીને પાછુ ખાઇ શકે ? ' ઉત્તર નકારમા મળ્યો ત્યારે ભીષ્મે કહ્યું 'હું કેમ કરીને રાજ્ય કરી શકુ છુ ?', ભીષ્મે તે બન્નેને ગાદીએ બેસાડી પોતે તેમના વતી રાજ્યવ્યવસ્થા ચલાવી પણ તે બન્ને પણ પુત્રહીન અવસ્થામા જ મરણને શરણ થયા ત્યારે ફરી લોકોએ ભીષ્મને કહ્યું જેમને માટે આપે રાજ્યનો ત્યાગ કર્યો તેઓ તો હવે જગતમા નથી હવે આપ ગાદી ગ્રહણ કરો ' પરતુ તેઓ કહે છે કે ' શુ ત્યારે એવી કઈ શરત રાખેલી હતી ! હું કેમે કરી મારી પ્રતિજ્ઞા ભાગી શકતો નથી જે નબળામા નબળો રાજા પણ આ કુળમાથી ગાદીએ આવે તેની સેવા કરવા ઉદ્યત છું '

અંતે અમ્બા અને અબાલિકાએ વ્યાસજી જોડે નિયોગ કરી ધૃતરાષ્ટ્ર અને પાંડુ ને જન્મ આપ્યો, જેથી કે રાજની પરંપરા ચાલી પણ ભીષ્મે તો પોતાની ટેક રાખીજ જેના મુકાબલાનો દાખલો સંસારમાં અશક્ય જ છે. શું અમારા ઇતિહાસમાં કોઇ એવા દૃઢવ્રત માણસ મળી આવશે જે ચક્ર પછી એક રાજ મેળવવાની તક આવતા પોતાની પ્રતિજ્ઞા ઉપર દૃઢ રહે ' કદાપિ નહિ, તેતો પ્રાચીન શિક્ષા પ્રણાલીજ એવા માણસો તૈયાર કરી શકતી એ પછી પ્રાચીન શિક્ષા દેશના દુર્ભાગ્યે અધોગતિએ પહોંચી અને દેશમાં વામમાર્ગનો પ્રચાર, ચાર્વાક વગેરે નાસ્તિકોનો દોર દમામ, તેમ જૈન અને બૌદ્ધ મતનો પ્રચાર અને આચાર્ય શંકરનો ઉપદેશ એ સર્વેએ દેશમાં નવી નવી ઉથલપાથલ કરી, જેથી શિક્ષાની દશા અસ્થિર બની છતા તે પ્રણાલી થોડી ઘણી તો હયાતીમાં હતી જ બૌદ્ધોમાં ને પદ્ધતિએ શિક્ષા ચાલુ રહી જો કે થોડો ઘણો ફેર પડ્યો ખરો, પણ અસ્તિત્વ તો રહ્યું કેટલાક બાદશાહોના આક્રમણ સુધીના કાળમાં કેટલાક ચિન્હ હયાતીમાં હતા

જ્યારે મુહમ્મદ કાસિમે સિંધ ઉપર ચઢાઈ કરી ત્યારે સિંધપતિ ' દાહિર ' રણમાં મરણ પામ્યા તેમની રાણી બાદશાહ સામે ઝૂઝી પણ જ્યારે રજપૂતોની સેના કપાઇ મુઇ ત્યારે રાણીઓએ ચિતામાં બળી મરવાની ગોઠવણ કરી કેમકે ત્યાં ધર્મ માટે પ્રાણ અર્પવા આબાલવૃદ્ધ સ્ત્રી પુરુષ કોઈપણ પાછી પાની કરવા જાણતા જ ન હતા રાજા દાહિરની રાજધાનીની પાસે જ એક ગુરુકુળ હતુ જ્યારે ત્યાં રહેતા બાળકોને ખબર પડી કે રાજ્ય નષ્ટ થઇ ગયું. માતાઓ સતી થવા ચિતા તૈયાર કરાવી રહેલ છે ત્યારે અંતિમ દર્શન માટે બ્રહ્મચારીઓ ગુરુ આજ્ઞા લઇ આવે છે જે તેઓએ

માતાઓની દૃષ્ટિ બ્રહ્મચારીઓ ઉપર પડે છે ત્યારે તેમના શોકનો પાર આવતો નથી પોતાના પણ દુ:ખને તેણીઓ વિસરી જાય છે અને બાળકોની રક્ષા માટે ઉપાયચિંતન કરવા મંડે છે ઉપાય ન જડી આવતા કહે છે દીકરા! જાઓ ન્હાસી જાઓ અને પ્રાણ બચાઓ બાળકો સાંભળતા જ કહે છે કે માતા! શું યુદ્ધ વેળા આવતા ક્ષત્રિઓને ન્હાસવાનો ધર્મ લખેલો છે? ઉત્તર મળે છે 'નહિ, ત્યારે નહિ પાછા તેઓ કહે છે જો નહિ તો આ ધર્મ વિરુદ્ધ આદેશ કેમ આપો છો' ઉત્તર મળે છે, બહા- નાઓ! આઓ અમારી જોડે ચિતામાં કેમો પણ તેઓ પાછા પુછે છે શું ક્ષત્રિય માટે આમ આત્મહત્યા વિહિત છે' ત્યારે ઉત્તર મળે છે દીકરા! નહિ, તેઓ કહે છે કે ત્યારે અમોને એવી આ- જ્ઞાઓ કેમ અપાય છે? એ સાંભળતા જ માતાઓ પુછે છે 'જો એમ ન કરીએ ત્યારે તમે જ કહો શું કરશો' બાળકો બોલે છે જે અ- મારા ધર્મ છે તેજ કરીશું, માતાઓ કહે છે કે તે તો યુદ્ધમાં પ્રાણ અર્પવું જ બાળકો બોલ્યા, 'હમ, એજ કરીશું' દશ, બાર વરસની વયના બાળકો ન્હાની ન્હાની ખડગ અને ધનુર્વાણ લઈ નિકળી પડે છે યુદ્ધસ્થળીમાં શત્રુને લલકારી આવાહન આપવા જાય છે જે શત્રુએ મોટા મોટા યોદ્ધાઓ હણ્યા તેની આગળ આ નવકુસુમો શી બીસાતમાં હતા! એ એક નવાઇ જ હતી માતાઓ વિચારતી, શું કરીએ જો એઓ રણસ્થળથી પાછા ન્હાસી આવે તો રજપૂતોને કલંક લાગશે. અને જો ડરીને રણભૂમિમાં શસ્ત્ર મુકયા તો રજપુતી રુધિરને ડાઘ લાગશે અંતે માતાઓ કહે છે કે 'બેટા! જાઓ છો તો જાઓ પણ જોજે યુદ્ધમાંથી ન્હાસી આવતા ના! જેથી રાજપૂત કુળને કલંક લાગે શત્રુને શસ્ત્રાસ્ત્ર અર્પણ કરતા ના! નહિ તો

રજપુતી રક્તને કાયરતાનો ડાઘ લાગશે'

બાળકો સાંભળતા જ બોલી ઉઠે છે

यदपि हिमाचल शृंग होयं भूतल पर आड़े
यदपि सूर शशि खसें धसें जो नभ पर ठाड़े
यदपि सिंधु इक बिंदु होय सूखे क्षण मांहीं
तदपि क्षत्रि के पुत्र तजें रणमें असि नाहीं

"ભલે હિમાલય શિખરથી વાંકો વળી પૃથ્વીતલ ઉપર આવી પડે, આકાશમાંથી સૂર્ય, ચંદ્ર ખરી પડી ભલે પૃથ્વીમાં પેસી જાય, સમુદ્ર ભલે બિંદુ થાય કે સુકાઈ જાય, પણ ક્ષત્રિયપુત્ર રણસ્થળીમાં તરવાર તજી શકતા નથી '

काढ़ि धरें असि हाथ, करें भुज ठोंक यही प्रण
के मारें रणमांहि शत्रु, के मारें निज जीवन
जौन मंत्र हम लियो, जौन हम पाई दीक्षा
आज युद्ध कर गौन, तौन हम करें परीक्षा

અમે તરવારને હાથ લગાડી, ભુજાઓ ઠોકી પ્રતજ્ઞા કરીએ છીએ કે રણમાં શત્રુનો નાશ કરીશું અગર તો અમારા જીવનને જ સમાપ્ત કરીશું પણ અમે જે મંત્ર લીધો છે, જે દીક્ષા મેળવી છે તેની આજે યુદ્ધ પ્રતિ ગમન કરી પરીક્ષા તો કરીશું જ

जो पुर रक्षा हेतु, सेतु जीवनको टूटे।
तौ कछु चिंता नाहिं, धर्मको पंथ न छूटे॥
विदित सकल संसार, वीर माताके जाये।
राखि देशको मान, आपने प्राण गँवाये॥

"ભલે પુરની રક્ષા નિમિત્ત અમારા જીવનનો સેતુ ભાગી પડે, ધર્મનો માર્ગ તો નહિ જ છોડીએ સમગ્ર સંસારને વિદિત છે કે વીર-

માતાએ જેમને જન્મ આપ્યો છે તેઓ દેશનો માન સાચવવા પોતાના પ્રાણ સુદ્ધા આપેજ આપે "

વાચક મહાનુભાવ ! આ ન્હાના બાળકોના અતર્નાદને કાને ધરો! જુઓ તેમની દેશપ્રીતિ, અને જુઓ આપણા આ નવીન કાળના કેળવણીના નમૂનાઓ વાચાલતની તો પરાકાષ્ઠાજ કરશે ત્યારે પરાક્ષણ કાળમાતો કોગળ ભારત સમા રોગી માટે પ્રાચીન શિક્ષાસમુ રામબાણ ઔષધ ગણી લઇએ તો અત્યુક્તિ થશે નહિ ! બ્રહ્મચારી રહેવાથી શારીરિક આત્મિક નબળાઇઓ નાશ પામશે બાળલગ્નના અભાવે વૈધવ્યનુ હ્રદયવિદારી દુ ખ પણ રહેશે નહિ ગુરુકુલોમા ગાયોનુ પાલન થવાથી ગોરક્ષા એની મેળે થશે પરોપકારની શિક્ષા મળવાથી સ્વાર્થનુ નામ સુદ્ધા નાશ પામશે સૌની માતા વિદ્યા, પિતા ગુરુ થવાથી ફૂટનુ મ્હોડુ પણ કાળુ થશે વેદવેદાગની પૂર્ણ શિક્ષા વડે અવિદ્યાનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ થશે બ્રહ્મચારીઓના તપશ્ચર્ણી હોવાથી વિષયાસક્તિ પણ ન્હાસી પાસ થશે સર્વ કોઇની શિક્ષા સ્વદેશી પદ્ધતિ ઉપર હોવાથી તેમના મસ્તિષ્ક કે વિચાર સ્વદેશી થઇ જશે જેથી સ્વદેશી વસ્તુઓ ગમતી થશે દેશી કલા કૌશલના પ્રસારથી દેશનુ શિલ્પ અને વાણિજ્ય ઉન્નતિએ જશે, જેથી દુષ્કાળ પણ પોતાનુ મ્હેડુ કાળુ કરી નષ્ટ થશે સ્થળે સ્થળે હોમયજ્ઞ થવાથી વાયુ શુદ્ધિ થશે જેને લઇને મરકી અટકશે, જે જળ, વાયુના બગાડ તેમ શરીરની નમળાઇને લીધે થાય છે ટુકામા કહીએ તો શારીરિક, આત્મિક અને સામાજિક નિર્બળતા દેશમા ટકી શકશે નહિ ઋષિ દયાનન્દે પોતાની વિદ્યા, વિચાર, યોગ અને સમાધિના બળે કરી આ દેશ માટે, નહિ નહિ સમગ્ર ભતલના ઉપકાર માટે આ ઔષધ શોધી કાઢી યોજ્યુ હતુ

ભારતવાસી અનુગામી છે વિચારક નથી, માટે જ ઋષિદયાનંદ પહેલા પોતે જ તે ઉપાયોને અવલબી વર્ત્યા, જેથી એ નિર્બલ દેશમા જન્મ લીધા છતા એ યોગ્યતાના થયા કે સમગ્ર સસાર તેમની સામે થઈ શક્યો નહિ, શુ ઋષિ દયાનંદ કોઇ વસ્તુ ભારતમા લાવ્યા હતા ? નહીં જ ઋષિ પહેલાના, વેદ હતા, શાસ્ત્ર હતા, ઉપનિષદ પણ હતી, સારાશ એ કે જે વસ્તુઓ વડે ભારતના મૃતક શરીરમા ચેતન–જીવ– આવવાની આશા છે તે બધા સાધનો પહેલાથી જ હાજર હતા પણ માણસો તેની શક્તિ અને ગુણોથી અજાણ્યા હતા ભારતની ઠીક એજ દશા હતી કોઈ સેવાઆને ત્યા વીસ કરોડ રુપીઆ મુકેલા હોય, પણ લોઢાની તિજોરીઓમા બધ હોય, કુચીઓ ખોવાઇ હોય, જો કે શેઠ કુચીઓને અભાવે ભૂખથી પીડાય છે, પણ વસ્તુત છે તો કરોડાધિપતિ જ પણ જ્યારે કોઈ કુચીઓ શોધી આણે ત્યારેજ તે ખરો કરોડાધિપતિ થાય એમ જ ભારતમા સવ વિદ્યાઓ મોજૂદ છે પણ સસ્કૃત રુપી દેવવાણીની દૃઢ તીજોરીઓમા બધ પડી છે તેને ઉઘાડવાની બ્રહ્મચર્યાશ્રમ રૂપી કુચી ખોવાઇ ગઈ હતી ઋષિએ મહાન્ શ્રમે આ કુચી શોધી કાઢી આપણી સમક્ષ ધાર્મિક જીવન મુકી દીધુ તેણે બતલાવી આપ્યુ કે ભારતના સમસ્ત રોગ જેનાથી મટી જાય જ્યા નવીન શિક્ષાના માણસો સચ્ચાઇની ચાલ ચલકત ને અને સ્રીવર્ગને પણ અધિકારમાં રાખી શકવાની યોગ્યતા નથી ધરાવતા અને સ્વાર્થના કારણે ડગલે ડગલે ઠેસ ખાય છે તેવી દશામા ઋષિએ તેમને દબાવ્યા, ફેશનને કચડી નાખી એટલુજ નહિ પણ સમગ્ર ભૂમડળની સામે થઈ બતાવ્યુ કે એક તરફ ૪૨ કરોડ ક્રિશ્ચિયન, ૫૨ કરોડ બૌદ્ધ, ૨૨ કરોડ મુસલ્માન અને બીજી સર્વ જાતિઓ મળી ૧ અબજ ૫૦ કરોડ માણુસ અને સામી બાજુએ

લગોટીબંધ એક અખડ બ્રહ્મચારી દયાનંદ ! હા શુ સસાર આખો એક બ્રહ્મચારીને તેના વૈદિક સિદ્ધન્તથી ડગાવી શકયો ? નહિ જ. તેણે અખિલ મતમતાન્તરોના માનવોને-જેઓ ધર્મ સબંધી વાતોમા બુદ્ધિના ઉપયોગને પાપ જ ગણતા-એકદમ એવા આચકો લગાડયો કે તે સૌ પોતપોતાના મતના સિદ્ધાન્તોને બુદ્ધિથી સિદ્ધ કરવાને સમર્થ થયા

જે બ્રહ્મચર્યાશ્રમને ફરી ઉગવા સારૂ ઋષિ દયાનદ બીજ રૂપ થઇ ગળી અન્તર્ધાન થયા છે તે આશ્રમ હવે વૃક્ષના સ્વરૂપમા આવી ગયેલ છે. ઋષિએ વૈદિકધર્મના તરુવરને પોતાના અસ્તિત્વને ખાહોમ કરી રોપ્યો છે, તેમા આર્યનરો પત્રરૂપે છે કેટલાક કહે છે કે-હવે આર્યસમાજની ચઢતી અટકી પડી છે પંડિત ભીમસેન નીકળી ગયા, બરેલી વાળા પ દેવદત્ત પણ તેમજ, પ તુષારામ ગયા જગદબાપ્રસાદ તે શેખ અબદુલ અજીજ બની ગયા વગેરે પણ તેઓએ જરા તો વિચારવુ જોઇએ કે શુ કોઈ વૃક્ષના પાદડા આખાએ ખરી પડવાથી તેની વૃદ્ધિ અટકી પડે છે ? કદી પણ નહિ. ત્યારે આર્યસમાજના થોડાંક પાદડા ખરી પડવાથી આર્યસમાજની ઉન્નતિ કેમ અટકી શકે છે ? અગર કોઇ પાદડાના મુસલમાન કે ક્રિશ્ચિયન થઇ જવાથી આર્યસમાજને શુ હાનિ થઈ શકે છે આર્યસમાજને જો કોઇનાથો હાનિ થઇ છે તો તેના સિદ્ધાન્તોના ત્યાગથી લક્ષ્મી પૂજા અને કાયરતાની શિક્ષાથી, આહોમાહેના દ્વેષથી, સિદ્ધાન્તાનુકૂલ કાર્ય ન કરવાથી, અને સૌથી વધારે તો વૈદિક શિક્ષા રૂપી જળ ન મળવાથી પત્ર માત્ર સુકા દેખાય છે પણ મૂળ તો જેમનુ તેમ લીલુ રસ ભરેલું છે ન્હાના ફૂળો પણ આવવા માડયા છે કાગડી (હરદ્વાર) મા જાઓ, ત્યા આ-

સરે ૧૫૦ બ્રહ્મચારી નજરે પડશે બદાયૂમા ૭૦, સિકંદરાબાદમા ૩૪, બિરાલસીમા ૩૨ જે પ્રત્યક્ષ રૂપે કહી રહ્યા છે કે અમે ઋષિ દયાનંદ રૂપી બીજથી ઉત્પન્ન થયા છીએ એટલે અમે બ્રહ્મચારી બની આત્પના ઉદ્દેશની પૂર્તિ કરીશુ, હવે, જેમ વૃક્ષના ફળોમા ભેદ હોય છે કોઈ શાખાના ફળોમા જીવડા પડી જાય છે અને કોઈ શાખામા પાણી થોડુ જાય છે અને કોઇ છાયા કે તાપની અધિકતાને લઈને સુકાઇ જાય છે તેમજ એ ફળોમાં પણ થવાનુ સભવ છે જ કેટલાક આક્ષેપ કરે છે કે ઘણુ કરી બ્રહ્મચારી ગુરુકુળોને વચમા જ મુકી ચાલ્યા જાય છે—અને શિક્ષાને પૂર્ણ નથી કરતા તેઓએ જ વિચારવાનુ છે કે તે કયુ વૃક્ષ છે કે, જેમા લાગેલાં ફળ બધાજ પાકતા સુધી રહ્યા હોય, સેંકડો પડી જાય છે પણ જે પાકતા સુધી રહે છે તેમા જ અમનુ તો ફળ મળી રહે છે એવી કઇ સ્કૂલ કે કૉલેજ છે જેમા પ્રવેશ પામેલા એકદર વિદ્યાર્થીઓ એમ એ, કે બી એ. થયા હોય

અન્તિમ આક્ષેપ એ થાય છે કે સરકાર તો એ બ્રહ્મચારીઓને નોકર નહિ જ રાખે, ત્યારે એ ભણતરનુ શુ કરશે ? ઉદરપોષણ ક્યાથી કરશે ભાઇઓ ! એ પણ સ્મરણમા રાખવુ જોઇએ, કે સરકાર સવને તો નોકર રાખી પણ નથી શકતી તે માત્ર વધારેમા વધારે પચામલાખ માણુસોને નોકરી આપી શકે છે, ત્યારે કહો કે બાકીના દેશના સાડા ઓગણત્રીસ કરોડ માણસ શુ કરે છે, ને ક્યાથી ખાય છે ઉત્તર સાફ છે કે—**ખેતીવાડી હુન્નર તથા વાણિજ્યથી,** બસ બ્રહ્મચારી દાસત્વને માટે તો ભણતા નથીજ, માટે **સરકારી નોકરીનો વિચાર નકામો છે** પણ જો બ્રહ્મચારી ચાહે, તો સરકાર તેમને નોકરી પણ આપશે,

તે કેવી ? સૈનિક કેમકે શારીરિક તેમ આત્મિક બન્ને બળ હોવાને લીધે તેઓ સૌથી બલિષ્ઠ નિવડવાના, પણ **બ્રહ્મચારીઓ નોકરીની ઇચ્છા શાની** કરે તેઓ તો એવા કામ કરશે જે વડે તેઓ પોતાની જીવનયાત્રા સારી પેઠે પૂરી કરી શકે નવીન સભ્યતાના દાસોને પણ પોષી સરકારને મહાય કરે તાત્પર્ય એકે—**તેઓ કૃષિ કરશે હુન્નર સબંધી નવનવા આવિષ્કારોની શોધ કરશે ધર્મપૂર્વક હળી મળી વાણિજય કરશે. સાહિત્ય તેમ સદાચરણ સબંધી ગ્રથોની રચના અને અનુવાદ કરશે** જેથી અન્ય દેશો પણ વૈદિક ધર્મના આનદલાભથી વાચત ન રહે નહિ પત્રસપાદન પણ કરશે અમોને તો એવા પ્રશ્નકર્તાઓની સમજ માટે ખેદ ઉપજે છે, જેઓ એટલુ પણ નથી વિચારતા કે જેના શરીરમા બલ છે, જે ઇદ્રિયોનો ગુલામ નથી જેના આત્મમા જ્ઞાનનો પ્રકાશ છે શુ તે કદાપિ પણ ભુખ્યો રહેશે ? બ્રહ્મચારી પોતે જીવિત જાગૃત વિશુદ્ધ પ્રતિમાઓ હશે તેથી સાથે જ મૃતવ દેશને પણ જીવિત કરશે

**ગુરુકુલ બદાયુ** કોઇ કાળે પ્રાચીન શિક્ષા પ્રણાલીનો આદર્શ સિદ્ધ થશે કેમકે તે ઋષિ દયાનન્દના ઉદ્દેશની પૂર્તિ માટે ઋષિ સિદ્ધાન્તને અનુસરીને જ ચલાવાય છે જો કે બીજા ગુરુકુલોના અધિષ્ઠાતાઓએ ગુરુકુલમાં ફીસ લગાડી તેમ જ નવીન પદ્ધતિની નકલ કરી બાળકનાજ માતા પિતાના ધનથી વિદ્યા દાન આપતા ધની અને નિર્ધનના બાળકોને સમાનરૂપમા અપાતી શિક્ષાના ગૌરવને એટલ દેશ અગર જાતિ ( નેશન ) ના બાળકો બનાવવાના ગુણને નષ્ટ કરી નાખ્યો સાથે બાહ્ય આડબર વગરના આ બદાયૂ-ગુરુકુલને નામમાત્રનુગુરુકુલ કહી નાખ્યુ પણ જો ઇશ્વરીય નિયમ કોઇ વસ્તુ છે અને જો સચ્ચાઇ વચ્ચે આડબર અતર છે

તો પરમાત્માની દયાથી તે સમય નજીક છે જ્યારે સર્વ આર્ય એક સ્વરે બોલી ઉઠશે 'અહાયૂ ગુરુકુલ વૈદિકધર્મનુ પ્રચારક તથા ઋષિ દયાનદના સિદ્ધાન્તોનુ સહાયક અને રક્ષક છે. એ ' એગ્લો-વૈદિક ' પ્રજા ઉત્પન્ન કરવા નથી માગતો નજ ' પૌરાણિક-વૈદિક ' એ તો ઋષિના જ પથે ચાલવાવાળા બ્રહ્મચારી, તૈયાર કરી વૈદિક ધર્મને જ સસારમા પ્રસારવા યત્ન કરે છે

આર્ય મહાશયો ! નવીન અને પ્રાચીન શિક્ષાની તુલનાનો આ પ્રથમ ભાગ તો સમાપ્ત થયો. બીજો પણ કોઈ વખતે ભેટ કરવામા આવશે

શમિત્યોમ્



---


Printed By M T Patel-at The Suryaprakash Press
AHMEDABAD ४—६—२२

શ્રી ગુજરાત વિદ્યાપીઠે રાષ્ટ્રીય શાળાઓ માટે પાઠ્ય પુસ્તક તરીકે માન્ય કરેલ

## 'હિંદી-ગુજરાતી-શિક્ષા' (ભાગ ૧) કી૦, ૦-૯-૦

**હાલમાંજ બહાર પડી છે, જુઓ થોડાક વિદ્વાનોના અભિપ્રાય.**

૧ હિંદી ભાષા તેના શુદ્ધ સ્વરૂપમાં વગર ગુરુએ શીખવાને આરંભમાં આ સારું પુસ્તક છે. માર્ગોપદેશિકાની પેઠે-પણ આરંભમાં વ્યાકરણની ગડમથલમાં નાખ્યા વિના-ક્રમવાર સહેલા અને ટુંકા વાક્યોથી આરંભ કરી છેવટે નિબંધ સુધી શીખનારને આણી મૂક્યા છે.
**.. છોટાલાલ નરભેરામ ભટ્ટ વડોદરા 'કેળવણી'ના માજી તંત્રી.**

૨ પાઠમાળાની યોજના વાચકનો શબ્દભંડોળ વધારી તેને હિંદીની વાક્યરચના વિષે સારી સમજ તમારા પુસ્તકથી મળી શકે તેમ છે.
**નંદનાથ કે૦ દીક્ષિત ચીફ એજ્યુ૦ ઇન્સ્પે૦ વડોદરા**

૩ પુસ્તકની રચના ઘણી સરળ છે. નાના બાળકો પણ સમજી શકે એવી છે. ભાષાનું અને વ્યાકરણનું જ્ઞાન સહેલાઇથી થઇ શકે એવી ગોઠવણ કરેલી છે. **જેઠાલાલ ચી. સ્વામીનારાયણ, ગણિત મંદિર-આચાર્ય**

૪ લેખકને બન્ને ભાષા વચ્ચેનો ભેદ બરાબર અવગત થયો છે. ચોપડી પદ્ધતિસર લખેલી છે. પ્રૌઢ વિદ્યાર્થીઓ ઘેર બેઠે લઇ શકે. જે પાઠ્યપુસ્તક તરીકે પણ આ ચોપડી ચાલી શકે.
**દત્તાત્રેય બા૦ કાલેલકર આચાર્ય સત્યાગ્રહાશ્રમ સાબરમતી**

'સ્વરાજ્ય અને શાન્તિ' [મહાત્મા ગાંધીની હૃદયપ્ર[illegible] તાત્વિક, માર્મિક, ધાર્મિક ટીકા] (મહાન દાર્શનિક સ્વામી દર્શ- લિખિત કી૦ રૂ ૦-૧-૦

**'ભગવન્નામધુમંડળી,' બહાર પડ્યું. (વાયા, મહુ-**
તથા મુંબાઈ અને ગુજરાતના બુકસેલરોને ત્યાંથી એ પુસ્તકો મળશે.